ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઇંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

# જન સુરક્ષા લઘુ બીમા પોલિસી

(માઈક્રો ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ)

## માહિતીપત્ર

સમાજના નબળા વિભાગોની જરૂરિયાતો પૂરી પાડવા માટે અમારી કંપનીએ આરોગ્ય, અંગત અકસ્માત, પશુ અને પશુધન, રહેઠાણ અને અસ્ક્યામતોને આવરી લેતી લઘુ (માઈક્રો) વીમા પોલિસી તૈયાર કરી છે. તેની પ્રક્રિયામાં, અમે વ્યક્તિગત અને સમગ્ર સમાજના કલ્યાણ માટે વીમાની આર્થિક સેવા અને તેના મહાન પ્રદાન પર ભાર મૂક્યો છે.

### પોલિસીના મહત્ત્વનાં લક્ષણો

### વિભાગ ૧ (ક) અથવા ૧(ખ)

### વ્યક્તિગત વીમાની રકમ/ફ્લોટર વીમાની રકમ સાથેનો આરોગ્ય વીમો

આ પોલિસી માંદગી/રોગ અથવા થયેલી ઈજા માટે હોસ્ટલમાં લીધેલી સારવારનું ખર્ચ ભરપાઈ કરે છે. આ વીમા-કવચ ૩ વર્ષથી ૭૦ વર્ષના વયજૂથની વ્યક્તિઓ માટે છે.

૧. આ યોજના હેઠળ કોઈ દાવો મંજૂર થતાં, જુદાં જુદાં સદર હેઠળ આવતા આવા ખર્ચની રકમ કંપની ટીપીએ મારફત હોસ્પિટલ/નર્સિંગ હોમને અથવા વીમાદાર વ્યક્તિને ચૂકવશે. તે આવી વીમાદાર વ્યક્તિ માટે અથવા તેની વતી કરેલાં યોગ્ય અને જરૂરી ખર્ચની મર્યાદા નીચે દર્શાવી છે :

| હોસ્પિટલમાં સારવારના લાભ | મર્યાદા |
|---|---|
| (ક)(૧) હોસ્પિટલ/નર્સિંગ હોમ દ્વારા જોગવાઈ કરતાં રૂમ, ભોજન ખર્ચ<br>(૨) સઘન સંભાળ એકમમાં દાખલ કર્યા હોય તો, | (૧) દરરોજ વીમાની રકમના ૦.૫ ટકા સુધી<br>(૨) દરરોજ વીમાની રકમના ૧ ટકા સુધી |

| | | |
|---|---|---|
| (ખ) | સર્જન, એનેસ્થેટિસ્ટ, તબીબી વ્યવસાયી (ડોક્ટર), સલાહકાર, વિશેષજ્ઞની ફી, નર્સિંગનું ખર્ચ | માંદગી/ઈજા દીઠ વીમાની રકમના ૧૫ ટકા સુધી |
| (ગ) | એનેસ્થેશિયા, લોહી, ઓક્સિજન, ઓ. ટી. ચાર્જ, સર્જિકલ સાધનો, દવા, ડ્રગ્ઝ, નિદાન-સામગ્રી, ક્ષ-કિરણ, ડાયાલિસીસ, કેમોથેરાપી, રેડિયોથેરાપી; પેસમેકર, કૃત્રિમ અવયવોની કિંમત | માંદગી/ઈજા દીઠ વીમાની રકમના ૧૫ ટકા સુધી |

૨. વીમાદારને તે માંદગી માટે હૉસ્પિટલમાં દાખલ કર્યાની તરત અગાઉના ૩૦ દિવસ સુધીના, હોસ્પિટલમાં દાખલ કર્યા અગાઉના તબીબી ચાર્જ.

૩. તે માંદગી અથવા ઈજા માટે વીમાદારને હૉસ્પિટલમાંથી છૂટા કર્યાના તરત પછીના ૬૦ દિવસ સુધી, હોસ્પિટલમાં સારવાર લીધા પછીના ખરેખર તબીબી ખર્ચ.

૪. દર્દીને રહેઠાણથી હોસ્પિટલમાં તાત્કાલિક વોર્ડમાં અથવા સઘન સંભાળ એકમ અથવા એક હોસ્પિટલ / નર્સિંગ હોમમાંથી / બીજી હોસ્પિટલ/નર્સિંગ હોમમાં વધારે સારી તબીબી સગવડો માટે સંપૂર્ણ સુસજ્જ એમ્બ્યુલન્સ દ્વારા દાખલ કરવા માટે એમ્બ્યુલન્સ સેવા દર્દી(વીમાદાર)ને પરિવહન માટે ખરેખર ખર્ચ અથવા ₹ ૫૦૦, બેમાંથી જે ઓછું હોય તે.

**વ્યાખ્યાઓ**

**કુટુંબ :** કુટુંબ એટલે પતિ, પત્ની, આશ્રિત માતાપિતા, અધિકતમ ત્રણ બાળકોનું એકમ, પરંતુ બાળકોની સંખ્યા ત્રણ કરતાં વધુ હોય ત્યાં ઉપર જણાવેલા કુટુંબની રચનામાં પ્રથમ ત્રણ બાળકોનો સમાવેશ થશે.

**અગાઉના/ની પ્રવર્તમાન રોગ/સ્થિતિ** એટલે અમારી પાસેની પ્રથમ પોલિસીના ૪૮ મહિનાની અંદર વીમાદાર વ્યક્તિને જેનાં ચિહ્ન અથવા લક્ષણો હતાં અને / અથવા તેનું નિદાન થયું હતું અને / અથવા તબીબી સલાહ/સારવાર મેળવી હતી તે સ્થિતિ, રોગ અથવા ઈજા અથવા સંબંધિત સ્થિતિ.

**હોસ્પિટલ / નર્સિંગ હોમ** એટલે માંદગી અને ઈજા માટે અંદરના દર્દી તરીકે સંભાળ અને સારવાર માટે ભારતમાં સ્થપાયેલી કોઈ સંસ્થા –

(૧) જે સ્થાનિક સત્તાતંત્ર પાસે હોસ્પિટલ/નર્સિંગ હોમ તરીકે નોંધાયેલી હોય અને તે નોંધાયેલ અને લાયકાત ધરાવતા તબીબી વ્યવસાયી(ડોક્ટર)ની દેખરેખ હેઠળ હોય;

**અથવા**

(૨) નીચે મુજબ લઘુતમ માપદંડનું પાલન કરતી હોય :

(ક) મેટ્રો શહેરો, 'ક' વર્ગના શહેરો અથવા 'ખ' વર્ગનાં શહેરો બાબતમાં અંદરના દર્દીઓ માટે ઓછામાં ઓછી ૧૫ તબીબી પથારીઓ;

(ખ) બીજાં સ્થળો બાબતમાં અંદરના દર્દીઓ માટે ઓછામાં ઓછી ૧૦ તબીબી પથારીઓ શહેરોનું વર્ગીકરણ આ અંગે કેન્દ્ર સરકાર તરફથી વખતોવખત બહાર પડતાં જાહેરનામાં અનુસાર રહેશે;

(ગ) સર્જિકલ ઓપરેશન કરાતાં હોય ત્યાં તેનાં પોતાનાં સંપૂર્ણ સુસજ્જ ઓપરેશન થિયેટર;

(ઘ) તેની તહેનાતમાં ચોવીસેય કલાક સંપૂર્ણ લાયકાત ધરાવતો નર્સિંગ સ્ટાફ;

(ચ) તેના ચાર્જમાં સંપૂર્ણ લાયકાત ધરાવતા ડૉક્ટર ચોવીસેય કલાક હોવા જોઈએ;

(છ) તેના દરેક દર્દીનો દરરોજનો તબીબી રેકર્ડ ધરાવતી હોય.

**સર્જિકલ ઓપરેશન** : એટલે વિકૃતિ અને ખામી સુધારવા, ઈજાની મરામત, રોગનાં નિદાન અને રોગીને સાજા કરવા, યાતનામાંથી રાહત અને જીવન લંબાવી આપવા માટે શારીરિક અને/અથવા શસ્ત્રક્રિયા કાર્યપદ્ધતિ.

**હોસ્પિટલમાં સારવાર** એટલે તબીબી વ્યવસાયી(ડોક્ટર)ની લેખિત સલાહ પરથી ભારતમાં કોઈ પણ હૉસ્પિટલ / નર્સિંગ હોમમાં ઓછામાં ઓછા સળંગ ૨૪ કલાકની આ સમય-મર્યાદા નીચેની શસ્ત્રક્રિયા / કાર્યપદ્ધિતને લાગુ પડશે નહિ :

| | |
|---|---|
| હેમો ડાયાલિસીસ | આંખની શસ્ત્રક્રિયા |
| પેરેન્ટલ | કિડનીની પથરી દૂર કરવી |
| કેમોથેરાપી | (લિથોટ્રિપ્સી) |
| રેડિયોથેરાપી | ટોન્સીલેક્ટોમી (કાકડા) |
| વિસ્ફારણ (ડિલેટેશન) અને ક્યુરેટેજ | અકસ્માત પછીની દાંત શસ્ત્રક્રિયા |

| | |
|---|---|
| હિસ્ટરેક્ટોમી | કોરોનરી એન્જિયોગ્રાફી |
| પિત્તાશય, પેન્ક્રિઆઝ અને પિત્તનળીમાં પથરી | કોરોનરી એન્જિયોપ્લાસ્ટી |
| સિનુસાઇટિસ | હાઇડ્રોસીલ |
| પ્રોસ્ટેટ | ગેસ્ટ્રો ઇન્ટેસ્ટીનલ |
| એપેન્ડેકટોમી | યુરિનરી ટ્રેક્ટ સિસ્ટમ |
| બારીક તરડ સિવાય ફ્રેક્ચર / ઊતરી જવું | ઇનગિનલ/વેન્ટ્રલ/અંબીલિકલ/ ફેમોરા/સારણગાંઠની મરામત |
| મસા/ભગંદર | હડકવા-નિરોધ રસી |

**અથવા**

તબીબી પ્રૌદ્યોગિકીમાં પ્રગતિને કારણે હોસ્પિટલમાં ૨૪ કલાક કરતાં ઓછા સમયની સારવાર જરૂરી હોય તેવી ટીપીએ/કંપની કબૂલ કરેલી બીજી કોઈ શસ્ત્રક્રિયા / કાર્યપદ્ધતિ

**કોઈ એક માંદગી** : કોઈ એક માંદગી એટલે જેના માટે સારવાર લીધી હોય તે માંદગીનો સળંગ સમય. તેમાં જ્યાં સારવાર લીધી હોય તે હૉસ્પિટલ / નર્સિંગ હોમ છેલ્લા પરામર્શની તારીખથી ૪૫ દિવસની અંદર ઊથલો મારે તેનો સમાવેશ થાય છે. ઉપર જણાવ્યા મુજબ ૪૫ દિવસ પૂરા થયા પછી તે જ માંદગી આવે, તો તેને આ પોલિસીના હેતુ સારુ નવી માંદગી ગણવામાં આવશે.

**તબીબી વ્યવસાયી (ડોક્ટર)** એટલે માન્ય સંસ્થા ડિગ્રી / ડિપ્લોમા ધરાવતી અને ભારતના સંબંધિત રાજ્યની તબીબી પરિષદે તેની નોંધણી કરી હોય તેવી વ્યક્તિ. તબીબી વ્યવસાયી શબ્દમાં ફિઝિશિયન, વિશેષજ્ઞ અને સર્જનનો સમાવેશ થાય છે.

**લાયકાત ધરાવતી નર્સ** એટલે માન્ય નર્સિંગ પરિષદનું પ્રમાણપત્ર ધરાવતી અને સારવાર કરતા તબીબી વ્યવસાયીની ભલામણ પરથી જેને નીમવામાં આવી હોય તે વ્યક્તિ.

**ટીપીએ** એટલે ત્રીજા પક્ષકારના વહીવટકર્તા. તેને વીમા નિયંત્રક અને વિકાસ સત્તાતંત્રે લાઇસન્સ આપ્યું હોય અને આરોગ્ય સેવાઓની જોગવાઈ માટે કંપની સાથેના કરારમાં નિર્દિષ્ટ કરેલા ગમે તે નામથી ફી અથવા મહેનતાણા બદલ રોકવામાં આવ્યા હોય તે ટીપીએ નેટવર્ક હોસ્પિટલો સાથે પોલિસી હેઠળ આવરી લેવાયેલા દાવાના પ્રમાણ સુધી યોગ્ય રકમની બારોબાર પતાવટ કરશે.

**ઓળખકાર્ડ** : નેટવર્ક હોસ્પિટલોમાં કેશલેસ સગવડનો લાભ લેવા ટીપીએએ વીમાદાર વ્યક્તિને ઈસ્યુ કરેલું ઓળખકાર્ડ.

**ફ્લોટર વ્યાખ્યા** : અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ વીમાની એક (સિંગલ) રકમ વીમાની એક રકમ છે, તે સમગ્ર વીમાદાર કુટુંબ પર **પાંચ સુધી** અથવા **સાત સુધી** ફ્લોટ થાય છે. કુટુંબ એટલે પોતે, પતિ/પત્ની અને અધિકતમ ત્રણ બાળકો અથવા પોતે, પતિ/પત્ની, અધિકતમ ત્રણ બાળકો અને આશ્રિત માતાપિતા.

**બાકાત બાબતો** : વીમાદાર વ્યક્તિને નીચેની બાબતમાં અથવા તે અંગે કરેલા ગમે તેટલા ખર્ચ અંગે આ પોલિસી હેઠળ કોઈ ચુકવણી કરવા કંપની જવાબદાર રહેશે નહિ.

૧. **અગાઉના પ્રવર્તતા રોગ/સ્થિતિના લાભ** : અમારી પાસે પ્રથમ પોલિસીના પ્રારંભથી ૩૬ મહિનાનું સળંગ વીમા-કવચ પૂરું થતાં સુધી, પોલિસીમાં વ્યાખ્યા કર્યા મુજબ કોઈ પણ પરિસ્થિતિ માટે આ લાભ મળશે નહિ. અમારી કંપની સાથે વીમાનાં **ત્રણ** વર્ષ દરમિયાન અગાઉના પ્રવર્તમાન રોગ/વ્યાધિ/સ્થિતિ/ઈજા બદલ હોસ્પિટલમાં સારવાર ન લીધી હોય તે શરતે **ત્રણ** સળંગ દાવા-મુક્ત પોલિસી વર્ષ પછી આ બાકાત બાબત કમી કરવામાં આવશે.

૨. **૩૦ દિવસ બાકાત** : આકસ્મિક શારીરિક ઈજાના પરિણામે કરેલા સિવાય પોલિસીની શરૂઆતની તારીખના ૩૦ દિવસની અંદર કરેલા માંદગી (નીચે ૩માં વર્ણવેલી માંદગી સિવાય) માટેનું કોઈ તબીબી ખર્ચ. કોઈ પણ ગાળા સિવાય કંપની સાથેની પોલિસીના રિન્યુઅલને આ બાકાત બાબત લાગુ પડતી નથી.

૩. **અઢાર મહિનાની બાકાત બાબતો** : નીચેના રોગ માટે પ્રથમ ૧૮ મહિનાના સળંગ કરારને કોઈ તબીબી ખર્ચ માટે બાકાત રાખવામાં આવ્યો છે :

| **ક્રમ નં.** | **૧૮ મહિના માટે આવરી ન લેવાયેલ રોગ/વ્યાધિ/શસ્ત્રક્રિયાનું નામ** |
|---|---|
| ૧ | મોતિયો અને ઉંમરને લગતા આંખના રોગ |
| ૨ | હળવી(બીનાઇન) પ્રોસ્ટેટ હાઈપર ટ્રોફી |
| ૩ | કાન, નાક અને ગળાની હળવી તકલીફ |

| | |
|---|---|
| ૪ | મેનોરહેગિયા/ફાઈબ્રોમ્યોમા માટે હિસ્ટરેક્ટોમી, મ્યોમેક્ટોમી અને ગર્ભાશય ધસી પડવું. |
| ૫ | તમામ પ્રકારની સારણગાંઠ |
| ૬ | મસા, ગુદાના ચીરા અને ભગંદર |
| ૭ | પેશાબ તંત્રવાહિનીમાં પથરી |
| ૮ | સ્તનની હળવી ગાંઠ સહિત કોઈ પણ પ્રકારની તમામ બહારની અને અંદરની હળવી ગાંઠ, કોઈપણ પ્રકારની સિસ્ટ, પોલિપ્સ |
| ૯ | ગેસ્ટિક ડુઓડેનલ અલ્સર |
| ૧૦ | હાઈડ્રોસિલ |
| ૧૧ | કેન્સર સિવાય પિત્તાશયમાં અને પિત્તનળીમાં પથરી |
| ૧૨ | પાઈલોનિડલ સાઈનસ, સાઈનુસિટિસ અને તત્સંબંધી તકલીફ |
| ૧૩ | અજાણ્યા જન્મજાત આંતરિક રોગ/ખામીઓ |
| ૧૪ | બિન-ચેપી આર્થરાઈટિસ |
| ૧૫ | ગાઉટ અને રુમેટિઝમ |
| ૧૬ | લોહીનું ઊંચું દબાણ |
| ૧૭ | ડાયાબિટિસ |
| ૧૮ | ઈન્ટર વર્ટિબ્રલ ડિસ્ક ધસી પડવી, સિવાય કે અકસ્માતથી થઈ હોય |
| ૧૯ | ચામડીની તકલીફ |
| ૨૦ | વેરિકોજ વેઈન્સ અને વેરિકોઝ અલ્સર |

| | |
|---|---|
| ૨૧ | વણસવાની સ્થિતિને કારણે સાંધા બદલવા |
| ૨૨ | ઉંમરને લગતા ઓસ્ટીઓ આર્થરાઇટિસ અને ઓસ્ટીઓપોરોસિસ |

૪. રસી અને રસી ટંકાઈ

૫. અકસ્માતમાંથી ઊભી થયા સિવાયની પ્લાસ્ટિક સર્જરી, ચશ્માં, કોન્ટેક્ટ લેન્સ અને શ્રવણ સાધનની કિંમત

૬. હોસ્પિટલમાં રહેવું પડે તેવી અને જેના માટે દાંતની સારવાર અને શસ્ત્રક્રિયા, સિવાય કે તે રોગ અથવા ઈજામાંથી ઊભી થઈ હોય

૭. સુન્નત, સિવાય કે સારવાર માટે તે જરૂરી હોય.

૮. સ્વાસ્થ્ય-પ્રાપ્તિ, સામાન્ય અશક્તિ, નંખાઈ જવાની સ્થિતિ અથવા આરામથી સાજા થવું, જન્મજાત બાહ્ય રોગ અથવા ખામી અથવા વિસંગતિઓ, વંધ્યત્વ, ગુપ્ત રોગ, ઈરાદાપૂર્વક જાતે ઈજા અને માદક ડ્રગ/દારૂ

૯. એઈડ્ઝ

૧૦. તપાસનું ખર્ચ, સિવાય કે રોગનું હકારાત્મક અસ્તિત્વ પુરવાર થાય અને તેમાં હોસ્પિટલમાં સારવાર સંકળાયેલી હોય અથવા જરૂરી બને.

૧૧. પ્રસૂતિ

૧૨. નિસર્ગોપચાર પદ્ધતિ

૧૩. વિટામિન અને ટોનિક્સ અંગે ખર્ચ, સિવાય કે સારવાર કરતા ફિઝિશિયને પ્રમાણિત કર્યા મુજબ ઈજા અથવા રોગની સારવારનો તે ભાગ હોય.

૧૪. કોઈપણ પ્રકારનાં બહારનાં તબીબી સાધનોની કિંમત.

**લાગુ પડતી શરતો**

૧. આ પોલિસી નીચે દાવો કરવાનો થાય તેવો કોઈ પ્રસંગ બનતાં, અનુસૂચિમાં દર્શાવેલ નામવાળા વીમાકર્તા અથવા ટીપીએને સંપૂર્ણ વિગતોવાળી નોટિસ અને તાત્કાલિક બાબતમાં હોસ્પિટલમાં સારવારના ૪૮ કલાકની અંદર મોકલવામાં આવશે.

૨. હોસ્પિટલમાંથી છૂટા કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર દાવાને લગતા બધા સહાયક દસ્તાવેજો ભરીને વીમાકર્તા અથવા ટીપીએને મોકલવા.

૩. આ પોલિસી હેઠળની બધી તબીબી સર્જિકલ સારવાર ભારતમાં લેવાની રહેશે અને તેના મળવાપાત્ર દાવા ભારતીય ચલણમાં ચૂકવવામાં આવશે.

વિભાગ ૧(ક) અને વિભાગ ૧(ખ) હેઠળનું વીમાકવચ સરખું છે. તેમ છતાં, વિભાગ ૧(ક) નીચેનું આવરણ વ્યક્તિગત વીમાની રકમના આધાર પર છે, જ્યારે વિભાગ ૧(ખ) હેઠળનું આવરણ કુટુંબના બધા જ સભ્યો પર વીમો ઉતરાવેલી એક (single) રકમ ફ્લોટ કરે છે.

## વિભાગ ૧ (ક) હેઠળ વીમાની રકમ

વ્યક્તિઓને વીમાની વિશિષ્ટ વ્યક્તિગત રકમથી આવરી લેવામાં આવશે. પ્રસ્તાવકને ₹ ૫,૦૦૦ના ગુણાંકમાં ઓછામાં ઓછી રકમનો વીમો પસંદ કરવાનો વિકલ્પ છે, જે વધુમાં વધુ ₹ ૩૦,૦૦૦ રહેશે.

## વિભાગ ૧ (ખ) હેઠળ વીમાની રકમ

આ વિભાગ હેઠળ ઉપલભ્ય વીમાની રકમ ₹ ૩૦,૦૦૦ છે.

## વિભાગ ૨ : આગ અને સંલગ્ન જોખમો

## ઝૂંપડી/રહેઠાણની અંતર્ગત વસ્તુઓ

કંપની વીમો ઉતરાવેલી ઝૂંપડી/રહેઠાણ અને તેની અંતર્ગત વસ્તુઓના નુકસાન અથવા હાનિને નીચેના સામે આવરી લે છે :

(ક) આગ, વીજળી, ગૃહોપયોગી સાધનોમાં ગેસનો સ્ફોટન

(ખ) પાણીની ટાંકી, સાધનો અથવા પાઇપ ફાટી જવાં અથવા ઊભરાઈ જવાં.

(ગ) હવાઈ જહાજ અથવા તેમાંથી ફેંકાતી વસ્તુઓ

(ઘ) જમીન બેસી જવાથી, જમીન ધસી પડવાથી, ખડક ધસી પડવાથી નુકસાન

(ચ) હુલ્લડ, હડતાળ અથવા દ્વેષપૂર્ણ કૃત્ય

(છ) પૂર, ડૂબમાં જવું, વાવાઝોડું, ઝંઝાવાત, પ્રચંડ તોફાન, વંટોળિયો, ચક્રવાત

(જ) નુકસાનની અસર

(ઝ) આતંકવાદ

(ટ) ધરતીકંપ

**ખાસ અપવાદ**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(ક) ઘરફોડી અને/અથવા ખાતર પડવું અથવા ચોરીથી નુકસાન અથવા હાનિ,

(ખ) વપરાશી પ્રકારની વસ્તુઓનું નુકસાન અથવા હાનિ,

(ગ) નાણાં, જામીનગીરી, ટિકિટો, ટિકિટ-સંગ્રહ, લગડી, પશુધન, મોટર વાહન અને પેડલ સાઈકલને નુકસાન અથવા હાનિ.

(ઘ) ખત, બોન્ડ, હૂંડી, પ્રોમિસરી નોટ, શેર અને સ્ટોક પ્રમાણપત્રો, વેપારના ચોપડા, હસ્તપ્રત, કોઈ પણ પ્રકારના દસ્તાવેજ, ન જડેલા રત્નો, ઝવેરાત અને કિંમતી વસ્તુઓનું નુકસાન અથવા હાનિ.

## વીમાની રકમ

**ઝૂંપડી/રહેઠાણ અને અંતર્ગત વસ્તુઓ :** વીમાની ઓછામાં ઓછી રકમ ₹ ૫,૦૦૦ છે. તેને અંતર્ગત વસ્તુઓ સહિત અધિકતમ ₹ ૩૦,૦૦૦ની મર્યાદામાં ₹ ૫,૦૦૦ના ગુણજમાં લઈ શકાય છે. અંતર્ગત વસ્તુઓનો વીમો રહેઠાણના વીમાના ૨૦ ટકા કરતાં વધારે હોવો ન જોઈએ. રહેઠાણ આરસીસીના છાપરાવાળું પાકું મકાન હોય કે આરસીસી સિવાયના બીજા કોઈનું પરાળનું કાચા છાપરાવાળું કાચું મકાન હોય, રહેઠાણના બાંધકામના પ્રકારને અનુલક્ષીને પ્રીમિયમના દર રખાય છે. કાચા ઝૂંપડા માટેના વીમાની રકમ ₹ ૫૦૦૦ની મર્યાદામાં છે અને અંતર્ગત વસ્તુઓની રકમ અધિકતમ ₹ ૧૦૦૦ છે.

## વિભાગ ૩ : ઘરફોડી અને ખાતર પડવું.

## ઓજાર સાધનો અને બીજી અસ્કયામતો

ઓજાર, સાધનો અને બીજી અસ્કયામતોને ઘરફોડી, ખાતર પડવું તેમજ ચોરી સામેના નુકસાન

અથવા હાનિને કંપની આવરી લે છે.

**ખાસ શરતો**

કંપની નીચેની બાબતમાં જવાબદાર રહેશે નહિ :

(ક) વીમાદારના કુટુંબનો કોઈ સભ્ય મુખ્ય અથવા સહાયક તરીકે હોય ત્યાં ઘરફોડી અને/અથવા ખાતર પડવું અથવા ચોરીથી નુકસાન અથવા હાનિ;

(ખ) પશુધન, મોટર વાહનો અને પેડલ સાઈકલનું નુકસાન અથવા હાનિ;

(ગ) નાણાં, નાણાં માટે જામીનગીરી, ટિકિટો, લગડી, ખત, હૂંડી, પ્રોમિસરી નોટ, સ્ટોક અને શેર પ્રમાણપત્રો, વેપારના ચોપડા, હસ્તપ્રતો, કોઈપણ પ્રકારના દસ્તાવેજ, ન જડેલાં કિંમતી રત્ન, ઝવેરાત અને કિંમતી વસ્તુઓ, સિવાય કે તે વિશિષ્ટ રીતે જાહેર કરી હોય.

## વીમાની રકમ

વીમાની રકમ ₹ ૫,૦૦૦ના ગુણજમાં કુટુંબ દીઠ વધુમાં વધુ ₹ ૩૦,૦૦૦ પસંદ કરવાનો પ્રસ્તાવકને વિકલ્પ છે.

## વિભાગ ૪ : પશુ અને પશુધન

રોગ અને/અથવા અકસ્માતને કારણે થતાં મૃત્યુ સામે કંપની પશુઓ અને પશુધનને આવરી લે છે. મૃત્યુ વખતે તેની બજાર કિંમત અથવા વીમાની રકમ, એ બેમાંથી જે ઓછી હોય તેટલી મર્યાદિત જવાબદારી રહે છે.

પ્રસ્તાવકને તેમનાં દુધાળાં પશુ, ધણખૂંટ, બળદો, ઘેટાં અને બકરી, ડુક્કર, ઘોડા અને ઊંટને આવરી લેવાનો વિકલ્પ રહે છે. જુદાં જુદાં પ્રાણીઓની વયમર્યાદા નીચે આપી છે :

| **પ્રાણીનો પ્રકાર** | **વયમર્યાદા** |
|---|---|
| દુધાળી ગાય | ૨-૧૦ વર્ષ |
| દુધાળી ભેંસ | ૩-૧૨ વર્ષ |
| ધણખૂંટ | ૩-૮ વર્ષ |

| | |
|---|---|
| બળદ | ૩-૧૨ વર્ષ |
| ઘોડો | ૨-૧૦ વર્ષ |
| ઘેટાં અને બકરી | ૭ મહિનાથી ૭ વર્ષ |
| ડુક્કર | ૩ મહિનાથી ૧૮ મહિના |
| ઊંટ | ૩-૧૨ વર્ષ |

**વીમાની રકમ** : લાયકાત ધરાવતા પશુચિકિત્સા ડોક્ટરે પ્રમાણિત કરેલી બજાર કિંમતના આધારે પ્રસ્તાવકને પશુ દીઠ ₹ ૩૦,૦૦૦ની અધિકતમ રકમને અધીન રહીને વીમાની રકમ પસંદ કરવાનો પ્રસ્તાવકને વિકલ્પ હોય છે.

**બાકાત બાબતો**

૧. દ્વેષપૂર્ણ અથવા ઇચ્છાપૂર્વક ઈજા અથવા બેદરકારી, અતિભાર, બિનકુશળ સારવાર અથવા પોલિસીમાં જણાવ્યા હોય તે સિવાયનો કંપનીની લેખિત સંમતિ સિવાય ઉપયોગ;

૨. જોખમની શરૂઆત અગાઉ થયેલ રોગ;

૩. લાયકાત ધરાવતા પશુરોગ સર્જને આપેલા પ્રમાણપત્રના આધારે માનવીય દૃષ્ટિકોણથી ન મટી શકે તેવી યાતનાનો અંત લાવવા નાશ જરૂરી હોય અતવા કાયદેસર રચાયેલ સત્તાતંત્રના હુકમથી નાશ કરાયો હોય તે સિવાય પશુની ઇરાદાપૂર્વક કતલ;

૪. (ક) હવાઈ અથવા દરિયાઈ માર્ગે પરિવહન;

(ખ) તબેલાના સ્થળથી ૮૦ કિલોમીટરથી વધારે રેલવે/માર્ગ દ્વારા પરિવહન;

૫. વીમો ઉતરાવેલી પશુની ચોરી અથવા છાનુંછપનું વેચાણ;

૬. કોઈ પણ પ્રકારની અંશતઃ અશક્તતા - કાયમી કે કાચમચલાઉ;

૭. કાયમી સંપૂર્ણ અશક્તતા તે દુધાળાં પશુઓ બાબતમાં વિયાયા અથવા દૂધ આપવા માટે કાયમી અને સંપૂર્ણ અશક્તિમાં પરિણમે છે, સિવાય તે વિશિષ્ટ રીતે આવરી લેવાઈ હોય. કંપનીની જવાબદારી બજાર કિંમતના ૭૫ ટકા જેટલી મર્યાદિત છે.

૮. જોખમની તારીખથી ૧૫ દિવસની અંદર થયેલ કોઈ રોગનું વીમા-આવરણ નથી.

૯. પોલિસી કોઈ પણ પ્રકારના પારિણામિક નુકસાનને આવરી લેતી નથી.

**શરતો**

૧. વીમાના પ્રસ્તાવ વખતે અથવા તેના રિન્યુઅલ વખતે દરેક પશુનું આરોગ્ય સુદૃઢ અને સંપૂર્ણ હોવું જોઈએ અને તેને કોઈ ઈજા થયેલી ન હોવી જોઈએ.

૨. વીમાદાર કોઈ પણ સમયે વીમો ઉતરાવેલાં પશુઓનું અને વીમાદારના પરિસરનું નિરીક્ષણ કરવા માટે કંપનીના અધિકૃત પ્રતિનિધિને પરવાનગી આપશે અને તેમને જોઈતી હોય તેવી માહિતી પૂરી પાડશે અને કંપનીને વખતોવખત કરેલા અને આપેલા બધા યોગ્ય વિનિયમો અને નિદેશોનું પાલન કરશે.

૩. વીમાદાર વીમો ન હોય, તો વીમો ઉતરાવેલા/લાં પશુ/પશુઓની તેવી જ સંભાળ રાખશે અને તેમના પર તેવી જ દેખરેખ રાખશે.

૪. માંદગી અથવા અકસ્માત થતાં, વીમાદાર તેના પોતાના ખર્ચે લાયકાત ધરાવતા પશુચિકિત્સા સર્જનની સેવાઓ મેળવશે અને પશુની યોગ્ય સારવાર કરાવશે.

૫. કાનની ટેગ ગૂમ થવાના પ્રસંગે કંપનીને તાત્કાલિક નોટિસ આપી પશુને ફરી ટેગ લગાડાવવી તે વીમાદારની જવાબદારી રહેશે.

૬. આ પોલિસી હેઠળ આવરી લેવાયેલ પશુઓના મૃત્યુ બાબતમાં, કાનની ટેગ/ટેગો કંપનીને સુપરત ન કરાય ત્યાં સુધી દાવો/દાવા વિચારણામાં લેવાશે નહિ.

**ઘેટાં, બકરી, ડુક્કર, ઘોડા અને ઊંટાના વીમા માટે શેરો**

૧. મહામારી, બ્લોક ક્વાર્ટર, હેમોરહેજિક સેટીકેમિયા, કાલસ્ફોટ (એન્થ્રેક્સ) પગ અને મોંના રોગ, એન્ટરોટોક્સેમીઆ, ઘેટાં પોકસ, બકરી પોક્સ, સ્વાઇન ફીવર, ગ્લેન્ડર, ધનુર્વા, દક્ષિણ આફ્રિકાની ઘોડાની માંદગી (SAHS) અને સુર્રા જેવા રોગ માટે સફળતાપૂર્વક રસી અપાઈ હોય અને વખતોવખત નિવારક અને સાજા થવાનાં બીજાં પગલાં લીધાં હોય તો પોલિસી નીચે આવરી લેવાય છે.

૨. અનાવૃષ્ટિ, રોગચાળો અને કુદરતી આફતો જેવી સ્થિતિને કારણે વીમો ઉતરાવેલાં પશુઓની

હેરફેર જરૂરી બની હોવાથી, ભૌગોલિક વિસ્તાર બહારના દાવા ચૂકવવાપાત્ર છે. તે વિસ્તારમાં પ્રવર્તતી આબોહવાની સ્થિતિ અનુસાર, ઘેટાં અને બકરીની નીચીમાંથી ઊંચી જગ્યાએ હેરફેર માટે ઉપર્યુક્ત પ્રકારની છૂટછાટ લંબાવી શકાય.

૩. ડુક્કર, ઘોડા અને ઊંટ બાબતમાં, તેના મૃત્યુ વખતે બજાર કિંમતના અથવા વીમાની રકમના ૮૦ ટકા, એ બેમાંથી જે ઓછું હોય તે રહેશે.

## વિભાગ ૫ : અંગત અકસ્માતનું વીમા-કવચ

**વ્યાખ્યાઓ :**

૧. **આકસ્મિક મૃત્યુ** : બાહ્ય, હિંસક અને દશ્ય સાધનોથી થયેલ અકસ્માતમાંથી પ્રત્યક્ષ અને સંપૂર્ણ પરિણમતી કોઈ શારીરિક ઈજાને કારણે મૃત્યુ.

૨. **કાયમી સંપૂર્ણ અશક્તતા (પીટીડી)** : બાહ્ય, હિંસક અને દશ્ય સાધનોથી થયેલ અકસ્માતમાંથી સંપૂર્ણ અને પ્રત્યક્ષ શારીરિક ઈજાને કારણે થયેલ કાયમી અને ન મટી શકે તેવી અશક્તતા અને તે નિરપેક્ષ સંપૂર્ણ એ અર્થમાં કે વીમાદાર વ્યક્તિ કોઈ પણ પ્રકારના લાભપ્રદ રોજગારમાં જોડાઈ ન શકે.

આ વીમાકવચ ૫ વર્ષથી ૭૦ વર્ષના વયજૂથ માટે મળી શકે છે. વીમાદાર વ્યક્તિને બાહ્ય, હિંસક અને દશ્ય સાધનોથી શારીરિક ઈજા થાય અને આવી શારીરિક ઈજા તે થયાના ૧૨ કેલેન્ડર મહિનાની અંદર મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અશક્તતાનું સીધું અને સંપૂર્ણ કારણ બને તો વીમા કંપની વીમાદારને અથવા તેના મૃત્યુ બાબતમાં એસાઈનીને લાભના કોષ્ટકમાં જણાવેલી રકમ ચૂકવશે :

| **લાભનું કોષ્ટક** | **ચૂકવવાપાત્ર રકમ** |
|---|---|
| ૧. મૃત્યુ | વીમાની રકમના ૧૦૦ ટકા |
| ૨. બંને આંખની દૃષ્ટિ અથવા બે હાથ અથવા બે પગના ઉપયોગને નુકસાન અથવા એક આંખની દૃષ્ટિ અને એક હાથ અથવા એક પગના ઉપયોગનું ન મટી શકે તેવું નુકસાન | વીમાની રકમના ૧૦૦ ટકા |

| | | |
|---|---|---|
| ૩. | એક આંખની દૃષ્ટિ અથવા એક હાથ અથવા એક પગના ઉપયોગનું ન મટી શકે તેવું નુકસાન | વીમાની રકમના ૫૦ ટકા |
| ૪. | અકસ્માતના કારણે કાયમી સંપૂર્ણ અશક્તતા | વીમાની રકમના ૧૦૦ ટકા |

ઓછામાં ઓછી વીમાની રકમ ₹ ૧૦,૦૦૦૦ છે. તે ₹ ૧૦,૦૦૦ના ગુણજમાં લઈ શકાય છે. તે વ્યક્તિ દીઠ ₹ ૫૦,૦૦૦ સુધી છે.

**બાકાત બાબતો :**

(ક) હાલની કોઈ અશક્તતા

(ખ) ઈરાદાપૂર્વક જાતે ઈજા, આપઘાત અથવા આપઘાતના પ્રયાસના કારણે મૃત્યુ, ઈજા અથવા અશક્તતા.

(ગ) માદક દારૂ અથવા ડ્રગની અસર હેઠળ હોય ત્યારે મૃત્યુ, ઈજા અથવા અશક્તતા

(ઘ) રેસ, ગોળીબાર, શિકારની મોટી રમત, પર્વતારોહણ, બરફ-હોકી અને શિયાળુ રમતો દરમિયાન મૃત્યુ, ઈજા અથવા અશક્તતા.

(ચ) ઉન્માદથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ.

(છ) ગુનાહિત ઈરાદાથી કાયદાનો કોઈ ભંગ.

(જ) જોખમનાં યુદ્ધ જૂથ.

(ઝ) જોખમનાં અણુ જૂથ.

**બધા વિભાગો સંબંધમાં સામાન્ય શરતો**

૧. **નોટિસ** : આ પોલિસી માટે કંપનીને જરૂરી દરેક નોટિસ અથવા પત્રવ્યવહાર કંપની પોલિસી ઈસ્યુ કરનાર ઓફિસને લેખિત આપશે. વીમાનો પ્રસંગ બનતાં, પોલિસી ઈસ્યુ કરનાર ઓફિસને જરૂરી દસ્તાવેજો સાથે તાત્કાલિક નોટિસ (દરેક વિભાગમાં જણાવ્યા મુજબ)આપવાની રહેશે.

૨. **ખોટું વર્ણન** : ગેરરજૂઆત, ખોટું વર્ણન કરાતાં અથવા કોઈ મહત્ત્વની હકીકત છુપાવતાં, પોલિસી

રદબાતલ થશે અને તે અંગે ચૂકવેલાં બધાં પ્રીમિયમ કંપનીમાં જપ્ત કરવામાં આવશે.

૩. **યોગ્ય સંભાળ** : વીમાદાર કોઈ પણ નુકસાન કે હાનિ સામે વીમો ઉતરાવેલી મિલકતની સલામતી માટે તમામ યોગ્ય પગલાં લેશે. વીમાદાર બધા અકસ્માત નિવારવા માટે યોગ્ય સંભાળ અને યોગ્ય સાવચેતી લેશે અને તમામ વૈધાનિક અથવા બીજા વિનિયમોનું પાલન કરશે.

૪. **રદ કરવું** : ગેરરજૂઆત, કપટ, મહત્ત્વની હકીકતો છુપાવવી અને વીમાદારના અસહકારના કારણસર ૧૫ દિવસની લેખિત નોટિસ આપીને કોઈપણ સમયે આ પોલિસી રદ કરી શકશે. આમ થતાં, કંપની ભાગે પડતા ધોરણે પ્રીમિયમ પરત કરશે. વીમાદારની વિનંતીથી પણ આ પોલિસી કોઈ પણ સમયે સમાપ્ત કરી શકાશે અને કંપની ટૂંકી મુદતના ધોરણે (કોષ્ટક નીચે આપ્યું છે) પ્રીમિયમ પરત કરશે. આ પોલિસી નીચે એક વખત દાવો કરવામાં આવતાં, પ્રીમિયમ રિફંડ કરાશે નહિ. ફ્લોટર પોલિસી નીચે વ્યક્તિગત સભ્ય માટે રિફંડની છૂટ નથી.

૫. **ફાળો** : આથી વીમો ઉતરાવેલી કોઈ મિલકતને નુકસાન અથવા હાનિ થતી હોય તે સમયે બીજો કોઈ વીમો અથવા વીમા ચાલુ હોય, તે જ મિલકતને આવરી લેતા આવા વીમા, વીમાદારે અથવા બીજી કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓએ ચાલુ રાખ્યા હોય, તો આવા નુકસાન અથવા હાનિના ભાગે પડતા પ્રમાણ કરતાં કંપની વધારે ચૂકવવા કે ફાળો આપવા જવાબદાર રહેશે નહિ.

૬. **કપટ** : આ પોલિસી હેઠળનો કોઈ દાવો કોઈ પણ રીતે કપટભર્યો અથવા આ પોલિસી હેઠળ કોઈ લાભ મેળવવા વીમાદારે અથવા વીમાદાર વતી કામ કરતાં કોઈએ કપટભર્યાં સાધનો અથવા પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો હોય, તો આ પોલિસી હેઠળના બધા લાભ જપ્ત થશે.

૭. **હાનિરક્ષા** : કંપની નુકસાન અથવા હાનિની રકમ ચૂકવવાને બદલે તેના વિકલ્પે ગૂમ થયેલ અથવા નુકસાન પામેલી મિલકત અથવા પરિસરને અથવા તેના કોઈ ભાગનું પુનઃસ્થાપન, પ્રતિસ્થાપન કે મરામત કરી શકે અથવા તેમ કરવામાં બીજા વીમાકર્તા સાથે જોડાઈ શકે. જોકે કંપની બરાબર અથવા સંપૂર્ણપણે પુનઃસ્થાપન કરવા બંધાતી નથી, પરંતુ સંજોગો અનુસાર અને યોગ્ય રીતે અને પર્યાપ્ત રીતે તેમ કરાશે. જોકે આવી મિલકતને થયેલ નુકસાન કે હાનિ વખતે જે કિંમત હોય તે કરતાં તેનું પ્રતિઃસ્થાપન કરવામાં વધારે ખર્ચ કરવા કંપનીની બંધાયેલી નથી.

૮. **મર્યાદા** : આથી સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને એકરાર કરવામાં આવે છે કે આની નીચેના કોઈ દાવા માટે કંપની જવાબદારી ન સ્વીકારે અને આવા અસ્વીકારની તારીખથી બાર કેલેન્ડર

મહિનામાં આવા દાવાને અદાલતમાં દાવાની વિષયવસ્તુ ન બનાવી હોય, તો બધા હેતુઓ માટે દાવાને છોડી દીધો હોવાનું માનવામાં આવશે અને આની નીચે તે વસૂલ કરી શકાશે નહિ.

૯. **શરતોનું અવલોકન** : આ પોલિસી શરતો અને શેરાનું યોગ્ય પાલન અને તે પરિપૂર્ણ કરવાની બાબત વીમાદારે કરવાની કે પાલન કરવાની કોઈ બાબતને લગતી હોય તેટલા પૂરતું, આ પોલિસી હેઠળ કોઈ ચુકવણી કરવા કંપનીની જવાબદારીની પૂર્વશરત રહેશે.

૧૦. **લાભની ચુકવણી** : ચૂકવેલ એકંદર લાભ પોલિસીના સમયગાળા માટે વીમો ઉતરાવેલી રકમ કરતાં વધશે નહિ.

૧૧. **રિન્યુઅલને લગતા ખંડ** :

(ક) કંપની સૌજન્ય તરીકે રિન્યુઅલ નોટિસ મોકલે છે. વીમાદારને રિન્યુઅલ નોટિસ ન મળે તે સેવાની ઊણપ ગણાશે નહિ.

(ખ) રિન્યુઅલ નોટિસ ન મળવાને/મોડી મળવાને કારણે અથવા બીજા કોઈ કારણસર રિન્યુ ન કરાવી શકવા બદલ કંપની જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહિ.

(ગ) વીમાના રિન્યુઅલ વખતે કોઈ વ્યક્તિનું વીમાકવચ સ્વીકારવા કે નકારવાનો નિર્ણય કંપનીનો જ રહેશે. કંપની તેના વિવેકાધિકારથી, પ્રીમિયમના દર અને/અથવા પોલિસીની શરતો દર વર્ષે તેના રિન્યુઅલ વખતે સુધારી શકે. આ પોલિસીનું રિન્યુઅલ આપમેળે થતું નથી. નિયત તારીખ અગાઉ કંપનીને લેણું થતું પ્રીમિયમ ચૂકવવું જોઈએ.

## બધા વિભાગો સંબંધમાં સામાન્ય અપવાદો

કંપની નીચેની બાબતોમાં જવાબદાર રહેશે નહિ :

૧. યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બળવો, ક્રાંતિ, વિદ્રોહ, લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા અથવા નાગરિક અશાંતિ અથવા તે સંબંધમાં લૂંટ અથવા ચોરીમાંથી પ્રત્યક્ષ રીતે થતા ઊભા થતા અને તેના પરિણામે થતાં નુકસાન, હાનિ, જવાબદારી અથવા ખર્ચ;

૨. ઘસારો અથવા તૂટફૂટને કારણે નુકસાન અથવા હાનિ;

૩. કોઈ પણ પ્રકાર અથવા વર્ણનવાળાં પારિણામિક નુકસાન;

૪ (ક) અણુશસ્ત્રો/સામગ્રીમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતા અથવા તેના પરિણામે થતા અથવા તેમાં ફાળો આપતાં નુકસાન અથવા હાનિ;

(ખ) આયનીત કિરણોત્સર્ગ અથવા અણુબળતણના દહનમાંથી ઉદ્દભવતા કોઈ અણુ બગાડથી થયેલા અણુબળતણની રેડિયો-એક્ટિવિટીથી દૂષિત થવાને પરિણામે થતાં અથવા તેમાંથી ઊભાં થતાં અથવા તેમાં ફાળો આપતાં પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન અથવા હાનિને આ વીમો આવરી લેતો નથી. ફક્ત શરત ૪(ખ)ના હેતુ માટે દહનમાં અણુ વિભાજનની કોઈ સ્વયં ચાલતી પ્રક્રિયાનો સમાવેશ પણ છે.

**પ્રીમિયમના દર**

| વિભાગ નં. | વિભાગનું નામ | પ્રીમિયમના દર |
|---|---|---|
| ૧(ક) | વ્યક્તિગત વીમાની રકમવાળો આરોગ્ય વીમો | ૩ મહિનાથી ૩૫ વર્ષના વયજૂથની વ્યક્તિઓ માટે વીમાની રકમના ૧.૫ ટકા, જ્યારે ૩૬-૭૦ વર્ષ માટે ૨ ટકા |
| ૧(ખ) | ફ્લોટર વીમાની ₹ ૩૦,૦૦૦ની રકમવાળો આરોગ્ય વીમો | ૫ના કુટુંબ માટે ₹ ૫૪૮ આશ્રિત માતાપિતા સાથે ૭ના કુટુંબ માટે ₹ ૭૩૦ |
| ૨. | ઝૂંપડાં/રહેઠાણ અને તેની અંતર્ગત વસ્તુઓ | આરસીસી છાપરાવાળું પાકું - ૦.૦૬ ટકા કાચું - પરાળનું / છાપરા અથવા કોઈ બિન-આરસીસી છાપરાવાળું ૦.૪૦ ટકા |
| ૩. | ઓજાર અથવા સાધનો અથવા બીજી અસ્ક્યામત | ૦.૨૫ ટકા |
| ૪. | પશુ/પશુધન વીમો | ૪ ટકા વત્તા પીટીડી આવરી લેવા માટે વધારાના ૧ ટકા |
| ૫. | અંગત અકસ્માત | ૦.૦૬ ટકા |

**વિભાગ વટાવ**

પ્રસ્તાવક આ પોલિસી હેઠળના કોઈ એક વિભાગ અથવા બધા વિભાગો માટે પસંદગી આપી શકે. તેમ છતાં, પ્રસ્તાવક ચાર અથવા તેથી વધારે માટે પસંદગી આપે, તો નીચે મુજબ વટાવ મળશે :

| પસંદ કરેલા કુલ વિભાગ | વટાવના ટકા |
|---|---|
| ૪ | ૨.૫૦ |
| ૫. | ૫.૦૦ |

**દાવાની કાર્યપદ્ધતિ**

**વિભાગ ૧ (ક) અને (ખ)**

હોસ્પિટલમાં દાખલ કરાતાં, ટીપીએને જણાવવું ફરજિયાત છે. ટીપીએ મુકરર કરેલી હોસ્પિટલોમાં કેશલેસ સગવડ પૂરી પાડશે. ભરપાઈ કરવાની બાબતમાં, વીમાદાર દાવાનું ફોર્મ, છૂટા થયાનું કાર્ડ, પ્રયોગશાળા અહેવાલ, બિલ અને કેશમેમો હોસ્પિટલમાંથી રજા આપ્યા તારીખથી ૧૦ દિવસની અંદર ટીપીએને મોકલશે.

**વિભાગ ૨ અને ૩**

દાવાનો બનાવ બનતાં, વીમાદારે પોલિસી ઇસ્યુ કરનાર ઓફિસને બનાવ બન્યા અંગે તરત જ જણાવવાનું હોય છે. વીમાદાર વીમાકર્તાના પ્રતિનિધિ અથવા કંપનીના કર્મચારીઓને નુકસાન/નુકસાન થયાનું સ્થળ તપાસવા તમામ તક પૂરી પાડશે. કંપની અથવા તેના પ્રતિનિધિને નુકસાન આકારવા માટે જરૂરી તમામ માહિતી પૂરી પાડશે. પ્રથમ બાતમી અહેવાલ (એફઆઈઆર) સાથે બનાવની તમામ વિગતો દર્શાવતું દાવાનું ફોર્મ દાવાને આખરીરૂપ આપવા માટે કંપનીને રજૂ કરવામાં આવશે. વિભાગ ૪ હેઠળ દાવાને આખરીરૂપ અપાતાં, વીમાદારે પ્રતિસ્થાપન પત્ર અને હાનિરક્ષા પત્ર પૂરા પાડવાના રહેશે.

**વિભાગ ૪**

માંદગી અથવા અકસ્માત બાબતમાં, વીમાદાર તેના પોતાના ખર્ચે વીમો ઉતરાવેલા પશુની સારવાર માટે લાયકાત ધરાવતા પશુચિકિત્સા ડોક્ટરની સેવાઓ તાત્કાલિક મેળવશે. પશુના મૃત્યુ બાબતમાં, વીમાદાર કંપનીને તરત જ તેની જાણ કરશે. કંપની તેના વિકલ્પે મૃત પશુનું નિરીક્ષણ કરી શકશે.

વીમાદાર પશુના મૃત્યુના ૧૫ દિવસની અંદર કંપનીને શબપરીક્ષા અહેવાલ અને દાવાનું ફોર્મ રજૂ કરશે.

દુધાળાં પશુઓના કાયમી સંપૂર્ણ અશક્તતા નીચેના દાવાઓ માટે વીમાદાર કંપનીને જણાવશે. કંપની પશુને તપાસવા પશુચિકિત્સા નિષ્ણાતને મોકલશે.

**વિભાગ ૫**

વીમાદાર વ્યક્તિનું આકસ્મિક મૃત્યુ થતાં, એસાઇની બનાવ અંગે પોલિસી ઇસ્યુ કરનાર ઓફિસને તે બનાવ અંગે જાણ કરશે. તે કંપનીનું દાવાનું ફોર્મ, આકસ્મિક મૃત્યુ કરતા બનાવની વિગતો, પ્રથમ બાતમી અહેવાલ, શબપરીક્ષા અહેવાલ અને લાગુ પડતું હોય ત્યાં કાયમી સંપૂર્ણ અશક્તતા/અવયવ અથવા આંખને નુકસાનનો ડોક્ટરનો અહેવાલ મોકલશે.

**વીમા નિયંત્રક અને વિકાસ સત્તાતંત્રના વિનિયમો**

આ પોલિસી વખતોવખત સુધારાતા વીમા નિયંત્રક અને વિકાસ સત્તાતંત્ર (પોલિસીધારકોનાં હિતનું રક્ષણ) વિનિયમો, ૨૦૦૨ને અધીન છે.

**ફરિયાદ નિવારણ**

પોલિસીધારકને વીમાને લગતી કોઈ ફરિયાદ હોય, તો તે પોલિસી ઇસ્યુ કરતી ઓફિસ, કંપનીની પ્રાદેશિક ઓફિસ અથવા મુખ્ય ઓફિસના ફરિયાદ નિવારણ એકમનો અથવા જેમના ક્ષેત્રાધિકારમાં પોલિસી ઇસ્યુ કરતી ઓફિસ આવતી હોય તેની નીચેની વીમા ઓમ્બુડઝમેનની ઓફિસનો સંપર્ક સાધી શકે છે. ઓમ્બુડઝમેનની યાદી બીડી છે.

ધી ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કં. લિ. વતી

યોગ્ય રીતે નિમાયેલ એટર્ની

**નોંધ : કાનૂની અર્થઘટન બાબતમાં અંગ્રેજી પાઠ માન્ય ગણવામાં આવશે.**